BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# બ્રૅમ્પટનનો બીજો વાર્ષિક બૅકયાર્ડ ગાર્ડન પ્રોગ્રામ આશરે 7,000 પાઉંડ એટલેકે 3175 કિગ્રા પેદાશ રહેવાસીઓની ખોરાકી સુરક્ષાના સમર્થનમાં પૂરી પાડશે




બ્રૅમ્પટન, ઑન્ટારિયો (28 ઑક્ટોબર 2021) – બ્રૅમ્પટનનો બીજો વાર્ષિક બૅકયાર્ડ ગાર્ડન પ્રોગ્રામ હવે પૂર્ણ થયો છે જેમાં 6,946 પાઉન્ડ એટલેકે 3150 કિગ્રા પેદાશનું દાન જરૂરિયાતમંદ રહેવાસીઓને એપ્રિલથી ઓક્ટબર 2021ના ગાળામાં કરવામાં આવ્યું છે.

બૅકયાર્ડ ગાર્ડન પ્રોગ્રામ, જે સિટી કાઉન્સિલર ડૂગ વ્હિલાન્સ (City Councillor Doug Whillans)ના પ્રમુખપદે અને સિટીના પાર્ક્સ મેન્ટેનન્સ એન્ડ ફૉરેસ્ટ ડિવિઝનના દિશાસૂચન હેઠળ હાથ ધરાયું તેની શરૂઆત એપ્રિલ 2020માં થઈ હતી જે કૅનેડા ખાતેનો COVID-19 સામેનો આ પ્રકારનો પ્રથમ પ્રોગ્રામ હતો. તે સિટીના પ્રવર્તમાન કમ્યુનિટી ગાર્ડન્સ પ્રોગ્રામનો જ વિસ્તારિત ભાગ છે.

પ્રોગ્રામથી મેયરના COVID-19 સોશ્યલ સપોર્ટ ટાસ્ક ફોર્સને, ખોરાકના સંસાધનો પૂરા પાડવામાં આવ્યા જે એવા સમાજો માટે આશ્યક સામાજિક ટેકો પૂરો પાડે છે જેઓ મહામારીથી અપ્રમાણસર રીતે અસરગ્રસ્ત થયા હતાં.

તે તમામ બ્રૅમ્પટનવાસી માટે ખુલ્લો હતો અને પ્રોગ્રામથી રહેવાસીઓને માટી, બિયારણના પેકેટો અને તેમના નવા બગીચાઓના વિકાસને લગતી સલાહ આપવામાં આવતી હતી. એપ્રિલથી ઓક્ટોબર સુધી, રહેવાસીઓએ તેમના પોતાના બેકયાર્ડ ગાર્ડન વિકસાવ્યા, જેમાંથી કેટલાક તેમનો પાક રાખી લે છે અને અન્ય સ્થાનિક ફૂડ બેંકો અને સામાજિક સંસ્થાઓને દાન આપે છે, જેમાં સામેલ છે નાઈટ્સ ટેબલ (Knights Table), રિજનરેશન (Regeneration), લિફ્ટિંગ દ ફૉલન પેન્ટેકોસ્ટલ ચર્ચ /ઈગ્લેસિયા પેન્ટેકોસ્ટલ લેવાન્ટાડો અલ કાઈદો (Lifting the Fallen Pentecostal Church/Iglesia Pentecostal Levantando Al Caido), અને હાર્ટ લેક યુનાઈટેડ ચર્ચ સમુદાનું (Heart Lake United Church's) કમ્યુનિટી કબોર્ડ (Community Cupboard).

તાજા પાકનું દાન આપવા ઉપરાંત, આ ઈકો-ફ્રેન્ડલી પહેલથી રહેવાસીઓને COVID-19 દરમિયાન સક્રિય રહેવા પ્રોત્સાહન મળ્યું અને તેનાથી બ્રૅમ્પટનવાસીઓના માનસિક આરોગ્યને ગૃહ પ્રવૃત્તિ પ્રદાન કરીને સમર્થન મળ્યું. પ્રથમ વખત બાગ કામ કરનારાઓને પણ બાગકામ કરીને એક નવો શોખ અજમાવવાની આ તક હતી.

આ પ્રોગ્રામને શક્ય બનાવવા બદલ સીટી ઓફ બ્રૅમ્પટન તેમને સમર્થન આપતા લોકો સ્કૉટ્સ કૅનેડા લિમિટેડ (Scotts Canada Limited), મેટેમી હોમ્સ (Mattamy Homes), ગ્રેટ ગલ્ફ (Great Gulf), પેરેડાઈઝ ડેવેલપમેન્ટ્સ (Paradise Developments), TACC હોલબોન કોર્પોરેશન (Holborn Corporation), અને ફિલ્ડગેટ ડેવેલપમેન્ટ્સ (Fieldgate Developments)નો આભાર માને છે.

સિટી બ્રૅમ્પટન હોર્ટિકલ્ચરલ સોસાયટીનો અને ચિંગકુઝી ગાર્ડન ક્લબનો પણ આભાર માને છે જેમણે માસિક બૅકયાર્ડ ગાર્ડન ક્લબ ઈ-ન્યુઝલેટરમાં બાગકામ માટેના સૂચનો આપ્યા.

**2021 પ્રોગ્રામ સંખ્યાઓની દ્રષ્ટિએ**

- 2,793 સહભાગીઓને માટીની પાંચ કોથળીઓ પ્રાપ્ત થઈ અને ત્રણ બિયારણના પેકેટો.
- કુલ માટીની 13,980 કોથળીઓ અને 8,379 બિયારણના પેકેટોનું દાન કરવામાં આવ્યું.

**સુવાક્યો**

"અમને જાહેર કરતા આનંદ થાય છે કે બ્રૅમ્પટનના બીજા વાર્ષિક બૅકયાર્ડ ગાર્ડન પ્રોગ્રામથી જરૂરિયાતમંદ રહેવાસીઓને લગભગ 7,000 પાઉન્ડ એટલેકે 3175 કિગ્રા પેદાશ પૂરી પાડવામાં આવી. આ પ્રોગ્રામ ગત વર્ષે મહામારી દરમિયાન શરૂ થયો ત્યારે કૅનેડામાં થયેલ આ પ્રકારનો પ્રથમ પ્રોગ્રામ હતો અને બ્રૅમ્પટનથી પાસેના અને દૂર દૂરના શહેરો પણ પ્રેરિત થયા છે. કાઉન્સિલર વ્હિલાન્સને તેમની ઉત્તમ આગેવાની માટે આભાર

તેમજ અમારા સપોર્ટરો અને એવા બધા જેમણે પેદાશ વાવીને લણી અને તેને દાનમાં આપી તેમનો પણ આભાર જેથી આપણા સમાજની ફૂડ બેંકો પરનું દબાણ ઓછું થયું અને તે પણ આવા સમયે.

- *પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

"બ્રૅમ્પટનનો બીજો વાર્ષિક બૅકયાર્ડ ગાર્ડન પ્રોગ્રામ ખૂબ સફળ રહ્યો! હજારો રહેવાસીઓને માટી અને બિયારણ તેમની પોતાનો પાક ઊભો કરવા માટે પ્રાપ્ત થયા જેને આપના સમાજને દાનમાં આપવામાં આવ્યું. આ પ્રોગ્રામ રહેવાસીઓની સુખાકારી અને આરોગ્યનું તેમજ સિટીની હરિત પહેલોનું સમર્થન કરે છે. બધાનો આભાર જેઓએ આ વર્ષે પ્રોગ્રામમાં ભાગ લીધો."

- *ડુગ વ્હિલાન્સ, સિટી કાઉન્સિલર, બૅકયાર્ડ ગાર્ડન પ્રોગ્રામ; વૉર્ડ 2 અને 6, સભ્ય, એનવાયર્નમેન્ટ એડવાયઝરી કમિટી; સભ્ય, CEERP કમ્યુનિટી ટાસ્ક ફોર્સ, સિટી ઓફ બ્રૅમ્પટન*

"સિટીના કર્મચારીઓ બ્રૅમ્પટનનો બૅકયાર્ડ ગાર્ડન પ્રોગ્રામ અમલમાં લાવવા માટે સમર્પિત છે અને તેઓ આપણા સમુદાયની ખોરાકી સુરક્ષાને સંબોધે છે. બ્રૅમ્પટન એક હરિત શહેર છે અને અમે રહેવાસીઓને સ્વાસ્થ્યપ્રદ, સક્રિય અને ટકીને રહેવા માટેની તકો પૂરી પાડવા પ્રતિબદ્ધ છે."

- *ડેવિડ બારિક, ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર (David Barrick, Chief Administrative Officer), સિટી ઓફ બ્રૅમ્પટન*

"રિજનરેશનની માર્કેટપ્લેસ (ફૂડ બેંક) સિટી ઓફ બ્રૅમ્પટનના બૅકયાર્ડ ગાર્ડન પ્રોગ્રામના અત્યંત આભારી છે કારણકે તેમાંથી અપણા સમુદાયને ફરી એક વખત તાજો પાક પૂરો પાડવામાં આવ્યો છે.

- *ટેડ બ્રાઉન (Ted Brown), CEO, રિજનરેશન આઉટરીચ કમ્યુનિટી (Regeneration Outreach Community)*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક** :
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca